K-40 દુકાનદાર સામે પોલીસની હળવી કલમોથી કાર્યવાહી સામે સવાલો

અગાઉ પણ આ દુકાનદાર સામે પોલીસ ફરિયાદ નોંધાઈ ચૂકી છે, ગરીબોના અનાજમાં કટકીનો ખેલ? K-40 દુકાન સામે ફરી ગંભીર આક્ષેપો

સુરતઃ કતારગામ ઝોનમાં આવેલી સરકારી સસ્તા અનાજની K-40 નંબરની દુકાન ફરી એક વખત ગંભીર આક્ષેપોના કારણે ચર્ચામાં આવી છે. સમગ્ર મામલે પુરવઠા તંત્રની કામગીરીથી લઈને પોલીસ તપાસ સુધી અનેક સવાલો ઊભા થયા છે.

મળતી માહિતી અને સૂત્રોના જણાવ્યા મુજબ K-40 નંબરની દુકાન હેમલતાબેનના નામે છે, જ્યારે તેનું સંચાલન હિમાંશુ લિંબાચિયા નામનો તોલાટ કરતો હોવાનું કહેવાય છે. આ દુકાનમાંથી ગરીબોના હકના અનાજમાંથી કટકી કરીને કૈલાશ ઉર્ફે ટોપી ખટીકને આપવામાં આવતું હોવાના આક્ષેપો સામે આવ્યા છે. એટલું જ નહીં, આ માલ માત્ર K-40 દુકાનનો જ નહીં પરંતુ અન્ય સસ્તા અનાજની દુકાનોમાંથી કટકી કરીને ગોડાઉન મારફતે K-40 સુધી પહોંચાડવામાં આવતો હોવાની પણ ચર્ચા છે. સૂત્રોના દાવા પ્રમાણે પુણા અને કતારગામ વિસ્તારમાં આવેલી કેટલીક સસ્તા અનાજની દુકાનોના માલમાં કટકી કરી તેનો જથ્થો બારોબાર K-40 દુકાન સુધી પહોંચતો હતો. ત્યારબાદ K-40નો તોલાટ હિમાંશુ આ માલ કૈલાશ ઉર્ફે ટોપી ખટીકને વેચાણ માટે આપતો હોવાનો આક્ષેપ છે. જો આ દાવામાં તથ્ય હોય તો મામલો માત્ર એક દુકાન પૂરતો સીમિત રહેતો નથી, પરંતુ સરકારી પુરવઠા વ્યવસ્થામાં મોટા પાયે ગેરરીતિની શક્યતા ઊભી કરે છે. આ સમગ્ર મામલે સિંગણપોર પોલીસ સ્ટેશનમાં ગત 20 ઓગસ્ટે ફરિયાદ નોંધાવવામાં આવી છે. આટલા ગંભીર આક્ષેપો છતાં કેસમાં લગાવવામાં આવેલી કલમો અંગે પણ સવાલો ઊઠી રહ્યા છે. ફરિયાદની ગંભીરતા અને સંભવિત કૌભાંડના વ્યાપની સરખામણીએ હળવી કાર્યવાહી કરવામાં આવી હોવાના આક્ષેપો વચ્ચે પોલીસ તપાસ ખરેખર કયા સ્તર સુધી પહોંચે છે તે જોવું મહત્વનું બની ગયું છે.

ગોડાઉન મેનેજરની ભૂમિકા પણ તપાસના કેન્દ્રમાં આવે છે

કતારગામ ઝોનના મામલતદાર સહિતના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે. પરંતુ સૌથી મોટો સવાલ એ છે કે અન્ય દુકાનો માટે ફાળવાયેલો સરકારી અનાજનો જથ્થો K-40 સુધી પહોંચ્યો કેવી રીતે? નવાગામ ગોડાઉનમાંથી દુકાનો સુધી માલ પહોંચાડવાની વ્યવસ્થામાં ગોડાઉન મેનેજરની જવાબદારી મહત્વપૂર્ણ હોય છે. આ ઉપરાંત માલ પહોંચાડવાની કામગીરી સાથે સંકળાયેલા અર્જુન બી. લિન્કાની ભૂમિકા અંગે પણ તપાસ જરૂરી બને છે. જો ખરેખર પુણા અને કતારગામ વિસ્તારની અન્ય દુકાનોનો માલ K-40 પર પહોંચ્યો હોય તો ગોડાઉનમાંથી જથ્થો બહાર નીકળવાથી લઈને K-40 સુધી પહોંચવા વચ્ચેની સમગ્ર ચેઇન તપાસવી પડશે.

કોર્ટરૂમ નહીં ચેસના પટ પર વકીલોની માઈન્ડ ગેમ

બાર દ્વારા યોજાયેલી ઓપન ગુજરાત લીગલ ચેસ ચેમ્પિયનશિપમાં વિજેતા સ્પર્ધકોને ઈનામ વિતરણ કરાયું

સુરતઃ કોર્ટરૂમમાં કાયદાની કલમો અને દલીલો દ્વારા પોતાના પક્ષને મજબૂત બનાવતા વકીલો ચેસના પટ પર પણ બુદ્ધિ, ધીરજ અને વ્યૂહરચનાની કસોટી પર બેઠાં હતાં. સુરત જિલ્લા વકીલ મંડળ દ્વારા ગત્ રવિવારે અમીકુંજ વાડી, જહાંગીરપુરા, સુરત ખાતે ઓપન ગુજરાત લીગલ ચેસ ચેમ્પિયનશિપ ૨૦૨૬ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ગુજરાતનાં વકીલો, જ્યુડિશિયલ ઓફિસર્સ અને જ્યુડિશિયલ સ્ટાફ તથા તેમના બાળકો, હાલમાં કાયદાનો અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ મળી ૩૦૦ સ્પર્ધકે ભાગ લીધો હતો. ચેસ ટુર્નામેન્ટ ચેમ્પિયનશિપનો શુભ પ્રારંભ સુરતના ડિસ્ટ્રિક્ટ જજ આર. કે. ત્રિવેદી, સુરત જિલ્લા સરકારી વકીલ નયન સુખડવાલા, ઉદ્યોગપતિ લવજી બાદશાહ, જે.કે. મોટર્સનાં નમિત પટેલ, સુરત જિલ્લા વકીલ મંડળના પ્રમુખ ઉદય પટેલ, ઉપપ્રમુખ સંજય પટેલ, મુકુંદ રામાણી સહિત અન્ય હોદ્દેદારો અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો. ચેમ્પિયનશિપના અંતે યોજાયેલા ઈનામ વિતરણ સમારોહમાં ડિસ્ટ્રિક્ટ જજ આર. કે. ત્રિવેદીના હસ્તે વિજેતાઓ તથા શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર સ્પર્ધકોને ઈનામો, ટ્રોફી અને સન્માનપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે એડવોકેટ સંજય પટેલે ભારે જહેમત ઉઠાવી હતી.

અલગ-અલગ યોજાયેલી કેટેગરીના વિજેતા

વકીલ કેટેગરીઃ પ્રથમ ક્રમ-સોલંકી જયદીપ, દ્વિતીય ક્રમ-કુમાર તન્મય, તૃતીય ક્રમ - શર્મા હર્ષ
મહિલા વકીલ કેટેગરીઃ પ્રથમ ક્રમ - નીતાબેન ત્રિવેદી, દ્વિતીય ક્રમ - પટેલ જાગૃતિ, તૃતીય ક્રમ - ભુવા બંસરી
જજ કેટેગરીઃ પ્રથમ ક્રમ - રાહુલ કાનાની, દ્વિતીય ક્રમ - પરીખ સાગર, તૃતીય ક્રમ - ત્રિવેદી ભાવ્યેશ

જો ઇઝરાયેલ અને તુર્કી વચ્ચે યુદ્ધ થાય તો અમેરિકા કોને મદદ કરશે?

સીરિયાના અબુ અલ-દુહુર એરબેઝ પર ઇઝરાયલે ૧૮ ઓગસ્ટે હુમલો કર્યો અને ત્યાર બાદ બંને દેશો તરફથી સીધી ચેતવણીઓ આપવામાં આવી તેથી એક જટિલ પ્રશ્ન ફરીથી ઊભો કર્યો છે કે શું સીરિયાના મુદ્દે તુર્કી અને ઇઝરાયેલ યુદ્ધની નજીક પહોંચી ગયા છે? ઇઝરાયેલની રચના ૧૪ મે, ૧૯૪૮ના રોજ થઈ હતી અને તુર્કીએ તેને એક વર્ષ કરતાં પણ ઓછા સમયમાં, ૨૮ માર્ચ, ૧૯૪૯ના રોજ માન્યતા આપી હતી. તુર્કીએ ઇઝરાયેલને એક સાર્વભૌમ રાષ્ટ્ર તરીકે માન્યતા આપનાર પ્રથમ મુસ્લિમ બહુમતી ધરાવતો દેશ હતો. પરંતુ લગભગ આઠ દાયકા પછી, પરિસ્થિતિ સંપૂર્ણપણે બદલાતી દેખાય છે. ઇઝરાયેલ અને ઈરાન વચ્ચે થયેલા યુદ્ધે મધ્ય પૂર્વમાં સત્તાના સંતુલનને નોંધપાત્ર રીતે અસર કરી છે. ઇઝરાયેલ વધુ આક્રમક દેશ તરીકે ઊભરી આવ્યો છે. અમેરિકા ઇરાન સાથે લાંબા સંઘર્ષને ટાળી રહ્યું હોય તેવું લાગે છે, પરંતુ ઇઝરાયેલમાં એવી ચર્ચા ચાલી રહી છે કે જ્યારે ઇરાન નબળું પડી શકે છે, ત્યારે તુર્કી તેનું સ્થાન લઈ શકે છે.

દિલ્હીની જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના પ્રોફેસર અશ્વિની મહાપાત્રા કહે છે કે તુર્કી સાથે લડવું એ ઇઝરાયેલ માટે ઇરાન કરતાં સંપૂર્ણપણે અલગ બાબત છે. ઇઝરાયેલને ઇરાન સામે લડવામાં અમેરિકાનો ટેકો મળ્યો હતો, પરંતુ અમેરિકાની જેમ તુર્કી એક નાટો દેશ છે. જો એક નાટો દેશ પર હુમલો થાય છે, તો તેને બધા નાટો સભ્યો પરના હુમલા તરીકે જોવામાં આવશે. જો આપણે ઇઝરાયેલ અને તુર્કીની સેનાઓની તુલના કરીએ તો છેલ્લાં ૧૦ વર્ષમાં તુર્કી તેની લશ્કરી ક્ષમતાઓના સંદર્ભમાં ઘણું આત્મનિર્ભર બન્યું છે. તેની પાસે સ્વનિર્મિત ડ્રોન છે, જેની તે નિકાસ પણ કરે છે. હવે તેણે વિમાનોનું ઉત્પાદન પણ શરૂ કર્યું છે. તેનું લશ્કરી આધુનિકીકરણ ૧૯૭૮-૧૯૮૦ ની આસપાસ શરૂ થયું હતું, જ્યારે અમેરિકાએ તેના પર પ્રતિબંધ લાદ્યો હતો. ત્યારથી તેનું ધ્યાન અન્ય દેશો પરની તેની નિર્ભરતાને કેવી રીતે સમાપ્ત કરવી તેના પર છે. તેણે છેલ્લાં ૩૦-૪૦ વર્ષોમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. ઇઝરાયેલ પાસે તુર્કી સામે લડવા માટે સંસાધનો નથી. હવાઈ ક્ષમતામાં ઇઝરાયેલ તુર્કી કરતાં થોડી આગળ છે, પરંતુ જો તુર્કીને અમેરિકા પાસેથી F-૩૫ મળે છે, તો તે ફાયદો ગુમાવી દેશે. તુર્કીનું નૌકાદળ ઇઝરાયેલના નૌકાદળ કરતાં ઘણું શક્તિશાળી છે.

ઇઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ ચૂંટણીમાં ફાયદો મેળવવા માટે ઉત્તર સીરિયામાં હવાઈ હુમલા કરીને તુર્કી સાથે એક નવો મોરચો ખોલવાનો નિર્ણય લીધો છે. તેલ અવીવના મુખ્ય હાઇ વે પર લગાવવામાં આવેલા એક વિશાળ બિલબોર્ડમાં તુર્કીને વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂના ચૂંટણી પ્રચારના કેન્દ્રમાં મૂકવામાં આવ્યું હતું. તેમાં ઈરાન, હિઝબુલ્લાહ અને ન્યૂ યોર્કના મેયરની સાથે તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગનને ઇઝરાયેલના વિરોધીઓ તરીકે દર્શાવવામાં આવ્યા હતા. ઇઝરાયેલને સીરિયા અને પ્રદેશમાં તુર્કીના વધતા પ્રભાવ અંગે ચિંતા કરવાનો અધિકાર છે. પરંતુ શું આવા હુમલાથી તુર્કીને પીછેહઠ કરવાની ફરજ પડી શકે છે? શું બધા રાજદ્વારી રસ્તાઓ ખતમ થઈ ગયા છે? શું મોસાદના વડા અને સીરિયાના વિદેશ પ્રધાન વચ્ચેની વાતચીત રાજદ્વારી પ્રક્રિયાનો વિકલ્પ બની શકે છે? તુર્કી નાટોનો સભ્ય છે અને અમેરિકાનો નજીકનો સાથી છે. તે એક સમયે ઇઝરાયેલનો પણ સાથી હતો અને હજુ પણ તેલ અવીવમાં દૂતાવાસ જાળવી રાખે છે. શું કોઈએ વિચાર્યું છે કે તુર્કી સાથે યુદ્ધ કેવું હશે અને તેની કિંમત શું હશે?

મધ્ય પૂર્વમાં ઊભરી રહેલા નવા અને વૈવિધ્યસભર પડકારોનો સામનો કરવા માટે ઇઝરાયેલે નવી નીતિ ઘડવી જોઈએ. જ્યારે નેતન્યાહૂ ઉત્તર સીરિયામાં તેમની ચોક્કસ કાર્યવાહીના મહિમાનો આનંદ માણી રહ્યા હતા, ત્યારે તેમની નજર સમક્ષ નવાં જોડાણો બની રહ્યાં હતાં અને ઇઝરાયેલ તેમાં સામેલ નહોતું. ફક્ત બોમ્બમારો કરવાથી સુરક્ષા સ્થાપિત થઈ શકતી નથી. બોમ્બમારો એ રાજદ્વારી અને કાળજીપૂર્વક રચાયેલી નીતિનો વિકલ્પ નથી. નેતન્યાહૂના શાસનકાળમાં બંનેનું મહત્ત્વ સતત ઘટતું ગયું છે. ઇઝરાયેલે અમેરિકન રાજદૂત ટોમ બરાકની ચેતવણીઓ પર ધ્યાન આપવું જોઈએ અને તુર્કી સાથેના સંઘર્ષમાં ફસાઈ જવાનું ટાળવું જોઈએ.

સાઉદી અરેબિયામાં ભૂતપૂર્વ અમેરિકન રાજદૂત ચાર્લ્સ ફ્રીમેને કહ્યું કે ઇઝરાયેલ પાસે લાંબા ગાળાના અસ્તિત્વ માટે કોઈ વ્યૂહરચના નથી. તે માને છે કે તે હંમેશા બીજાઓ પર બંદૂક તાકીને જીતી શકે છે, પરંતુ તે કોઈ પણ રીતે અસ્તિત્વ ટકાવી રાખવાની વ્યૂહરચના નથી. ઇઝરાયેલમાં એક રાજ્ય તરીકે તેના લાંબા ગાળાના અસ્તિત્વ અંગે ગંભીર ચિંતાઓ છે. ઇઝરાયેલ લાંબા સમયથી સીરિયાને નિયંત્રિત કરવાની અને તેની સરહદોનો વિસ્તાર કરવાની નીતિ અપનાવી રહ્યું છે. ઇઝરાયેલ આને તેની સુરક્ષા માટે જરૂરી માને છે, જ્યારે ટીકાકારો કહે છે કે ઇઝરાયેલની કોઈ નિશ્ચિત સરહદો નથી અને તે જ્યાં ઈચ્છે ત્યાં તેની સરહદો વિસ્તારી શકે છે. તુર્કીમાં ઇઝરાયેલ સામે વ્યાપક જાહેર રોષ છે. એક સર્વે મુજબ તુર્કીનાં ૯૭ ટકા નાગરિકો ઇઝરાયેલનો વિરોધ કરે છે. ઇઝરાયલી નેતા નફતાલી બેનેટે તુર્કીને ઈરાન કરતાં મોટો ખતરો ગણાવ્યો છે. ઇઝરાયેલ પ્રત્યે એર્દોગનનું વલણ અત્યંત પ્રતિકૂળ છે. તુર્કી સીરિયામાં અનેક લશ્કરી પ્રવૃત્તિઓ કરી રહ્યું છે, જેમાંથી કેટલીક પ્રવૃત્તિઓ ઇઝરાયેલ માટે ચિંતાનો વિષય છે.

મેર્સિન યુનિવર્સિટીમાં આંતરરાષ્ટ્રીય સંબંધોના સહયોગી પ્રોફેસર બુગરા સારીએ મિડલ ઇસ્ટ મોનિટરમાં લખ્યું છે કે તુર્કી એક સંયુક્ત સીરિયા ઇચ્છે છે, જે તેની સરહદોને નિયંત્રિત કરી શકે, સશસ્ત્ર જૂથોને તેના માળખામાં એકીકૃત કરી શકે, ઇસ્લામિક સ્ટેટ અને પીકેકેનાં જોખમોને દબાવી શકે અને શરણાર્થીઓના પરત ફરવાની સુવિધા આપી શકે. લગભગ ૯૦૦ કિલોમીટર લાંબી સરહદ સાથે તુર્કી સીરિયાના પુનઃ એકીકરણ માટે સૌથી મોટી કિંમત ચૂકવશે. બીજી બાજુ, ઇઝરાયેલ સીરિયાને તેની મર્યાદિત અને નબળી લશ્કરી ક્ષમતાઓ સાથે તેની સુરક્ષા માટે એક સારો વિકલ્પ માને છે. તે નબળા હવાઈ સંરક્ષણ, મર્યાદિત શસ્ત્રો, કબજા હેઠળના ગોલાન નજીક કોઈ પણ પ્રતિકૂળ દળોની ગેરહાજરી અને લશ્કરી કાર્યવાહીની સંપૂર્ણ સ્વતંત્રતા ઇચ્છે છે.

બશર અલ-અસદના શાસનકાળમાં ઈરાનનું સીરિયામાં પ્રભુત્વ હતું, પરંતુ અલ-શારાના આગમન પછી સીરિયામાં તુર્કીનો પ્રભાવ વધ્યો છે. પરિણામે, સીરિયામાં ઈઝરાયલની દુશ્મનાવટ હવે ઈરાન સાથે નહીં પણ તુર્કી સાથે છે. ઇઝરાયેલના ભૂતપૂર્વ સંરક્ષણ પ્રધાન યોવ ગાલાન્ટે સોમવારે ઇઝરાયલી રેડિયો 103 એફએમને જણાવ્યું હતું કે જો ઇરાન નબળું પડે છે, તો કોઈ દેશ તેના દ્વારા બનાવેલા શૂન્યાવકાશને ભરી દેશે. મધ્ય પૂર્વમાં તેનો કુદરતી દાવેદાર તુર્કી છે, જેની સામ્રાજ્યવાદી મહત્ત્વાકાંક્ષાઓ છે. તુર્કી સામ્રાજ્યવાદી વારસો ધરાવતો એક શક્તિશાળી દેશ છે. તે એશિયા અને યુરોપ વચ્ચે સ્થિત છે. અમેરિકાને બાદ કરતાં તેનું સૈન્ય નાટોમાં સૌથી મોટું છે. તેનો સંરક્ષણ ઉદ્યોગ ખૂબ જ મજબૂત છે અને તે યુરોપનાં મુખ્ય ઔદ્યોગિક ક્ષેત્રોમાંનો એક છે. તુર્કી એક મોટી શક્તિ છે અને પહેલાથી જ વિવિધ ક્ષેત્રોમાં તેનો પ્રભાવ અને પહોંચ વધારી રહ્યું છે.

થિંક ટેન્ક બ્રુકિંગ્સ ઇન્સ્ટિટ્યૂશનના સિનિયર ફેલો અસલી આયદિન્તાસ્બાસે ગયા જુલાઈમાં બ્રિટિશ અખબાર ફાઇનાન્સિયલ ટાઇમ્સમાં લખ્યું હતું કે તુર્કી અને ઇઝરાયેલ વચ્ચેનો સંઘર્ષ વૈચારિક અને ભૂ-રાજકીય બંને રીતે છે. એર્દોગનની સરકારે સુન્ની ઇસ્લામિક લોકવાદને તુર્કીના રાષ્ટ્રવાદ સાથે જોડી દીધો છે. તે જ સમયે, ઇઝરાયેલમાં જમણેરી ગઠબંધન દેશના ભવિષ્ય પ્રત્યે સમાન કટ્ટરપંથી દૃષ્ટિકોણ ધરાવે છે અને લેબનોન, ગાઝા અને સીરિયામાં લશ્કરી વર્ચસ્વ સ્થાપિત કરવા માંગે છે. આ બે વિરોધી વિચારધારાઓ સમાધાન માટે બહુ ઓછી જગ્યા આપે છે. સીરિયા સૌથી તાત્કાલિક યુદ્ધભૂમિ છે. ૨૦૨૪ ના અંતમાં અસદ શાસનના પતન પછી, બંને દેશો યુદ્ધ પછીના ક્રમને પોતાના હેતુ માટે આકાર આપવાનો પ્રયાસ કરી રહ્યા છે. તુર્કીએ સીરિયામાં પોતાનો પ્રભાવ વધાર્યો છે, તેના સાથીઓને ટેકો આપ્યો છે, જેઓ હવે સત્તામાં છે અને અંકારા સાથે સ્થિર કેન્દ્રિય સરકારની હિમાયત કરી રહ્યા છે. તુર્કી પહેલાંથી જ ઉત્તર સીરિયાના મોટા ભાગોને નિયંત્રિત કરે છે અને સમગ્ર દેશમાં પોતાનો આર્થિક અને લશ્કરી પ્રભાવ વધારવા માંગે છે. જો સીરિયામાં ઇઝરાયેલ અને તુર્કી ટકરાશે તો મધ્ય પૂર્વમાં નવાં ભીષણ યુદ્ધનો પ્રારંભ થશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ઇઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ ચૂંટણીમાં ફાયદો મેળવવા માટે ઉત્તર સીરિયામાં હવાઈ હુમલા કરીને તુર્કી સાથે એક નવો મોરચો ખોલવાનો નિર્ણય લીધો છે

ટુ ધ પોઇન્ટ
■ સંજય વોરા ■

અનુસંધાન ... પાના પહેલાનું

નેપાળમાં જળપ્રલય...

જેણે તિબેટની સરહદે આવેલા રસુવા અને ધાદિંગ જિલ્લાઓને પ્રભાવિત કર્યા હતા.

નેશનલ ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન એન્ડ મેનેજમેન્ટ ઓથોરિટીએ જણાવ્યું હતું કે, નેપાળ-તિબેટ સરહદ પર આવેલી લહેન્ડે નદીમાં ભૂસ્ખલન અને પાણીનું સ્તર વધવાને કારણે, આ ભયાનક પૂર રસુવા જિલ્લાના સરહદી શહેર તિમુરેમાં ભોટેકોશી થઈને ત્રિશૂલી નદીમાં પ્રવેશ્યું હતું.

ત્યારબાદ આ પૂર નદીના વહેણ સાથે નુવાકોટ, ચિતવન, ગોરખા, તેનાહુ અને નવલપરાસી ઈસ્ટ જેવા અન્ય જિલ્લાઓમાં પણ પ્રસરી ગયું હતું, જે રાજધાની કાઠમંડુથી લગભગ 70 કિમીથી લઈને લગભગ 200 કિમી સુધીના વિસ્તારોને આવરી લે છે.

અસરગ્રસ્ત વિસ્તારોના વીડિયોમાં કાદવિયા પાણી, પથ્થરો અને કાટમાળનો એક પ્રચંડ પ્રવાહ સરહદી વિસ્તારમાં વહેતો જોઈ શકાતો હતો, જ્યાં આ ધસમસતો પ્રવાહ ઈમારતો અને વાહનો તરફ આગળ વધતાં લોકો ભાગતા જોવા મળ્યા હતા.

એક વીડિયો ક્લિપમાં ચાર માળનું એક મકાન પ્રચંડ પ્રવાહમાં તણાતું જોઈ શકાતું હતું, જ્યારે બીજી ક્લિપમાં રસુવામાં ઝડપથી વહેતા પૂરના પાણીમાં એક કાર તળતી જોવા મળી હતી. અન્ય એક વીડિયો ક્લિપમાં પાણીના પ્રચંડ વેગને કારણે એક લાંબો પુલ બે ટુકડા થઈને તૂટી જતો જોવા મળ્યો હતો.

અન્ય વીડિયો ક્લિપ્સમાં શક્તિશાળી પ્રવાહના પ્રહારથી પુલો ધરાશાયી થઈને તણાઈ જતા જોવા મળ્યા હતા.

ધાદિંગ જિલ્લાના એક વીડિયોમાં પૂરના પાણી પુલ સાથે અથડાતાં જ તે માળખું ધરાશાયી થઈને તણાઈ જતું જોવા મળ્યું હતું.

બીજી એક ક્લિપમાં કાદવિયા પાણી માત્ર 30 સેકન્ડમાં આખા પુલને ગરકાવ કરીને તણાવી જતાં જોવા મળ્યા હતા.

તે ઉપરાંત, નેપાળના સેનાના 44 જવાનો સહિત 80 સુરક્ષાકર્મીઓ પણ વિવિધ સ્થળોએથી ગુમ થયા છે, તેમ વિદેશ પ્રધાન શિશિર ખનાલે પ્રતિનિધિ સભા (હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ)ને માહિતગાર કર્યા હતા.

ઈન્ડિપેન્ડન્ટ પાવર પ્રોડ્યુસર્સ એસોસિએશન નેપાળ (IPPAN)ના નિવેદન અનુસાર, અચાનક આવેલા આ પૂરે નુવાકોટ અને રસુવા જિલ્લામાં આવેલા કુલ 354 મેગાવોટ ક્ષમતા ધરાવતા 8 કાર્યરત હાઈડ્રોપાવર પ્રોજેક્ટ્સ અને 5 નિર્માણાધીન પ્રોજેક્ટ્સને ગંભીર નુકસાન પહોંચાડ્યું છે.

નેપાળના પૂર પૂર્વાનુમાન વિભાગે બપોરે X (ટ્વિટર) પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કેઃ "ચીન તરફથી મળેલી માહિતી અનુસાર, નદીના અવરોધ વાળા સ્થળેથી સરોવરનું પાણી હજુ સુધી સંપૂર્ણપણે ખાલી થયું નથી, તેથી ભોટેકોશી અને ત્રિશૂલી વિસ્તારોમાં જોખમ યથાવત છે" અને લોકોને નદીઓથી દૂર રહેવા તથા સુરક્ષિત સ્થળોએ રહેવા વિનંતી કરી હતી.

દિવસે પછીથી 'NDRRMA' એ X પર પોતાની પોસ્ટમાં ઉમેર્યું હતું કે, "નદી જ્યાં અવરોધાઈ હતી તે સ્થળે સરોવર સંપૂર્ણપણે ખાલી થયું નથી, છતાં ભોટેકોશી અને ત્રિશૂલી વિસ્તારોમાં જોખમ રહેલું છે. આગામી અપડેટ ન આવે ત્યાં સુધી લોકોને નદી કિનારેથી દૂર રહેવા અને સુરક્ષિત સ્થળોએ રહેવા આગ્રહપૂર્વક વિનંતી કરવામાં આવે છે."

વિદેશી પ્રવાસીઓ અને ભારતીયો

ફસાયેલા ભારતીયોઃ ગુમ થયેલા લોકોમાં 133 ભારતીયો અને 37 NRI સમાવિષ્ટ છે. જેમાં કૈલાશ માનસરોવર યાત્રાના 50 શ્રદ્ધાળુઓ, ઇશા ફાઉન્ડેશનના 77 સભ્યો અને તમિલનાડુના તંજાવુરના 37 પ્રવાસીઓ સામેલ છે.

અન્ય દેશોના નાગરિકોઃ અમેરિકા, યુકે, મલેશિયા, દક્ષિણ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા અને નેધરલેન્ડ સહિત બે ડઝનથી વધુ દેશોના પ્રવાસીઓ પણ ફસાયા છે.

ઇમરજન્સી હેલ્પલાઇન નંબર્સ

ભારતીય દૂતાવાસ (કાઠમંડુ): +977 985 131 6807 / +977 970 910 7500
ભારતીય દૂતાવાસ (બીજિંગ): 0086 185 1428 4905 (WhatsApp)
નેપાળ ટૂરિઝમ બોર્ડઃ ટોલ-ફ્રી 1234 / હોટલાઇન 1144

કૈલાસ માનસરોવર...

(એમઈએ) દ્વારા યાત્રા રદ કરવાનો હજી સુધી કોઈ ઔપચારિક આદેશ બહાર પાડવામાં આવ્યો નથી. જોકે, કાઠમંડુના ટૂર-ઓપરેટરોએ પુષ્ટિ કરી છે કે, સુરક્ષાના કારણોસર આગામી ૪૮-૭૨ કલાક માટે તમામ પ્રસ્થાન રોકી દેવામાં આવ્યા છે.

બુધવારે સાંજે નેપાળ ટુરિઝમ બોર્ડ (એનટીબી) દ્વારા જાહેર કરવામાં આવેલા પ્રાથમિક ડેટા અનુસાર, ૩૮ મુસાફરો ગુમ અથવા સંપર્ક વિહોણા હોવાના અહેવાલ છે, જેમાં ૨૯૧ વિદેશી નાગરિકો અને ૯૩ નેપાળી નાગરિકો સામેલ છે. તેઓ કૈલાસ માનસરોવર યાત્રા માટે બુધવારે તિબેટમાં પ્રવેશવાના હતા. દરમિયાનો સદગુરુએ જણાવ્યું હતું કે, કૈલાસ માનસરોવરની યાત્રા કરી રહેલા તેમના એક જૂથના ઓછામાં ઓછા ૭૭ શ્રદ્ધાળુઓ તિબેટના ગ્યારોંગ સ્થિત ઇમિગ્રેશન સેન્ટર ખાતે હતા, ત્યારે અચાનક આવેલા વિનાશક પૂરમાં બિલ્ડિંગ અને તેની આસપાસની તમામ વસ્તુઓને તણાઈ ગઈ હતી. કાદવ અને પાણીની દીવાલ બિલ્ડિંગને લપેટમાં લેતી હોય તેવો એક વીડિયો પણ કેમેરામાં કેદ થયો હતો.

બુધવારે સવારે ૮:૩૦થી ૯:૧૫ વાગ્યાની વચ્ચે પૂર આવ્યું હતું, જેમાં નેપાળ-ચીન મિતેરી પુલ તણાઈ ગયો હતો અને મુખ્ય યાત્રા માર્ગ પરના રસ્તાઓ તથા સંદેશાવ્યવહાર ઠપ થઈ ગયા હતા.

તમિલનાડુના 37...

ઉત્તર પ્રદેશઃ ભારતીય કિસાન યુનિયનના નેતા રાકેશ ટિકૈત તેમના સાથીઓ સાથે પોખરામાં ફસાયા હતા અને હવાઈ માર્ગે પરત ફરી રહ્યા છે. યુપી સરકારે રાહત કમિશનર કાર્યાલય દ્વારા હેલ્પલાઇન નંબર 1070 જાહેર કર્યો છે.

મહારાષ્ટ્રઃ મુંબઈ અને પુણેના 4 પ્રવાસીઓ પૂરના વિસ્તારમાં ફસાયા છે, પરંતુ આપત્તિ વ્યવસ્થાપન ટીમે સંપર્ક સાધીને તેઓ સુરક્ષિત હોવાની પુષ્ટિ કરી છે.

કેરળઃ કેરળના 36 પ્રવાસીઓનો સમૂહ પૂરથી પ્રભાવિત વિસ્તારોથી દૂર અને સંપૂર્ણ સુરક્ષિત છે. કેરળ સરકારે NORKA-Roots દ્વારા હેલ્પડેસ્ક શરૂ કર્યો છે.

જળપ્રલયના ભયાનક...

અસ્તવ્યસ્ત ભાગદોડ મચાવી રહ્યા હતા, પરંતુ પાણીનો પ્રવાહ એટલો ઝડપી હતો કે લોકોને સુરક્ષિત સ્થળે પહોંચવાની તક પણ મળી નહોતી.

અન્ય એક ચોંકાવનારા વીડિયોમાં માલેખુ વિસ્તારમાં નદીના ધસમસતા પ્રવાહ વચ્ચે એક મોટો બ્રિજ ધડાકાભેર ધરાશાયી થઈને ક્ષણવારમાં તણાઈ જતો દેખાય છે. તિબેટ સરહદે આવેલા કેરોંગ પોર્ટના દ્રશ્યોમાં લોકો પાણીના ભયાનક વહેણથી બચવા ફાંફા મારી રહ્યા હતા.

ટીવી અને વાયરલ ફુટેજમાં નેપાળના નુવાકોટ અને રસુવા જિલ્લામાં અનેક મકાનો પત્તાના મહેલની જેમ ધરાશાયી થતાં અને અડધા પાણીમાં ગરકાવ થયેલા દેખાયા હતા. આ સિવાય પૂરના પ્રચંડ પ્રવાહમાં અનેક કાર અને નાના-મોટા વાહનો રમકડાની જેમ તરતા અને તણાતા કેમેરામાં કેદ થયા છે. પહાડી ખીણોમાંથી ધસી આવતા કાદવ, બરફ અને પાણીના મોજાઓએ થોડી ક્ષણોમાં જ આખેઆખા ગામડાં અને પ્રોજેક્ટ સાઈટ્સને વહાવીને નામશેષ કરી દીધાના અત્યંત ભયાનક દ્રશ્યો સામે આવ્યા છે.

છત પર ફસાયેલા...

તરફ પહોંચતો જોવા મળે છે અને તેને સુરક્ષિત રીતે બહાર કાઢવાની કામગીરી હાથ ધરવામાં આવે છે.

નેપાળ આર્મીએ વીડિયો શેર કરતી વખતે લખ્યું, "પૂરથી અસરગ્રસ્ત લોકોને બચાવવામાં નેપાળ સૈન્ય. લોકોને અત્યંત સાવચેત રહેવા અને સુરક્ષિત રહેવાની અપીલ. જ્યાં સંકટ હોય છે, ત્યાં નેપાળ સૈન્ય હોય છે." નેપાળના મધ્ય ભાગમાં બુધવારે આવેલા ભારે અચાનક પૂર વચ્ચે આ બચાવ કામગીરી કરવામાં આવી હતી. પૂરનાં પાણીના ધસમસતા પ્રવાહે અનેક વિસ્તારોમાં ભારે તબાહી મચાવી છે.

ટોક્સિકઃ હિંસાથી ભરપૂર ફિલ્મ, યશનો દમદાર સ્વૅગ

ટોક્સિક એક હાઈ-વોલ્ટેજ એક્શન ફિલ્મ છે. ગોવામાં અંડરવર્લ્ડ પર રાજ કરવા માગતા રાયા (યશ) માટે દારૂ, ડ્રગ્સ અને ગુનાખોરી જ જીવનનો માર્ગ છે. તે પોતાની બહેન ગંગાને ખૂબ માને છે. રાયાના લગ્ન રેબેકા સાથે નક્કી થાય છે, પરંતુ તેને સર્કસમાં કામ કરતી નાડિયા સાથે પ્રેમ થઈ જાય છે. તે નાડિયા અને તેમના નાજાયજ સંતાનનો અસ્વીકાર કરે છે. પાછળથી તે મિલિસા (રુકમિણી વસંત) સાથે લગ્ન કરે છે, પરંતુ નાડિયાના બાળકના અપરાધભાવમાંથી તે ક્યારેય બહાર આવી શકતો નથી.

યશ અને ગીતુ મોહનદાસ દ્વારા લખાયેલી વાર્તા અને સ્ક્રીનપ્લે ઝડપી હોવા છતાં થોડી ગૂંચવણભરી છે, પરંતુ તે મનોરંજનમાં